# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-08-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# STATE RAIN OVERALL

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 251 તાલુકામાં વરસાદ વરસ્યો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં 880 મિલીમીટર સાથે મોસમનો સરેરાશ 99 ટકાથી વધુ વરસાદ નોંધાયાના અહેવાલ છે. સૌથી વધારે 117 મિલીમીટર વરસાદ કચ્છ ઝોનમાં, 108 મિલીમીટર વરસાદ દક્ષિણ ગુજરાતમાં વરસ્યો છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમમાં કુલ સંગ્રહશક્તિના 87 ટકા જેટલો જળસંગ્રહ થયો છે. રાજ્યના 76 ડેમ 100 ટકા, 46 ડેમ 70થી 100 ટકા, 23 ડેમ 50થી 70 ટકા જેટલા ભરાઈ ગયા છે. ઉપરાંત રાજ્યના 96 ડેમ હાઈ-અલર્ટ, 19 ડેમ અલર્ટ અને સાત ડેમ ચેતવણી પર છે.

ગાંધીનગર સ્ટેટ એમરજન્સી ઑપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ, ગઈકાલે ગાંધીનગરના કલોલ શહેરમાં કાચા મકાનની દિવાલ પડી જતાં 2 લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે આણંદ જિલ્લામાં તારાપુર તાલુકાના ઈસરવાડા ગામમાં અને બોરસદના સીસ્વા ગામમાં પાણીમાં ડૂબી જવાથી એક-એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. જ્યારે પેટલાદ ગામમાં ઝાડ પડવાથી એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો હતો.

ગાંધીનગર જિલ્લાના દહેગામ નગરપાલિકા વિસ્તાર નીચાણવાળો હોવાથી 108 લોકોનું સ્થળાંતર કરાયું હતું.

રાજ્યમાં હાલમાં બચાવ કામગીરી માટે NDRFની 14 ટુકડી અને SDRFની 22 ટુકડી તહેનાત છે. હવામાન વિભાગે 30 ઑગસ્ટ સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે.

# WEATHER

ભારતીય હવામાન વિભાગની આગાહી મુજબ, છેલ્લા 2 દિવસથી રાજ્યમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. છેલ્લા 24 કલાકમાં મોરબીના ટંકારા તાલુકામાં સૌથી વધુ 14 ઇંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. જ્યારે આણંદમાં 10 અને ખેડામાં આઠ ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે.

સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટરના અહેવાલ અનુસાર, છેલ્લા 24 કલાકમાં આણંદના બોરસદ, ખંભાત, તારાપુર અને આણંદ તાલુકામાં, વડોદરાના પાદરા અને વડોદરા તાલુકામાં, પંચમહાલના ગોધરામાં અને મોરબીના વાંકાનેર તાલુકામાં 12 ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. ઉપરાંત આણંદના સોજીત્રા અને પેટલાદ, કચ્છના માંડવી અને નખત્રાણા, ખેડાના વાસો, મહીસાગરના બાલાસિનોર તેમ જ દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા તાલુકા ઉપરાંત મોરબી અને રાજકોટ તાલુકામાં નવ ઇંચથી વધુ વરસાદ વરસ્યો છે. જ્યારે અમદાવાદના ધોળકા તાલુકામાં આઠ ઇંચ વરસાદ સાથે સાર્વત્રિક મેઘમહેર જોવા મળી છે.

રાજ્યમાં હજી પણ ભારેથી અતિભારે વરસાદની આગાહીને પગલે એસ.ટી. બસ પરિવહનને અસર થઈ છે. રાજ્યના 433 રૂટ બંધ કરાતા 2 હજાર 81 ટ્રીપ રદ થઈ છે.

# DISTRICT RAIN

રાજ્યમાં ભારે વરસાદની સ્થિતિને પહોંચી વળવા કેન્દ્ર સરકારે રાજ્યને રાહત-બચાવ અને આપત્તિ વ્યવસ્થાપન માટે આર્મીની 6 કોલમ ટુકડી ફાળવી છે. ગાંધીનગર જિલ્લાના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, આ ટુકડી વરસાદથી વધુ અસરગ્રસ્ત દેવભૂમિ દ્વારકા, આણંદ, વડોદરા, ખેડા, મોરબી અને રાજકોટ જિલ્લામાં તહેનાત કરવામાં આવી છે.

બોટાદના અમારા પ્રતિનિધિ પ્રકાશ ભીમાણી જણાવે છે કે, કાળુભા નદી બે કાંઠે વહેતી થઈ છે. જ્યારે નદીમાં તણાતી કારમાં સવાર આઠ જેટલા લોકોને ઢસા પોલીસ સહિત સ્થાનિક લોકોએ બચાવ્યા હતા. ઉપરાંત ભીમનાથ રેલવે અંડરબ્રિજમાં પાણી ભરાતા પાંચથી વધુ ગામની અવરજવર બંધ કરવી પડી છે.

ભરૂચના અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે કે, સરદાર સરોવર ડેમમાંથી ફરી પાણી છોડાતા જિલ્લાના ગોલ્ડન બ્રિજ ખાતે નર્મદા નદીએ 26 ફૂટની સપાટી પાર કરી લીધી છે.

છોટાઉદેપુરના અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે, ઓરસંગ નદીમાં વધુ પાણી આવતા ભારજ નદી પરનો બ્રિજ તૂટી ગયો છે, જેના કારણે વાહનવ્યવહાર બંધ કરાયો છે. ઉપરાંત જિલ્લા કલેક્ટરે તમામ અધિકારી અને કર્મચારીઓ તથા તલાટીઓને ફરજિયાત મુખ્યમથક પર હાજર રહેવા તાકીદ કરી છે.

સુરેન્દ્રનગરના અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે, જિલ્લામાં ધોળી ધજા ડેમ, નાયકા ડેમ, થોરિયાળી ડેમ, મોરસલ ડેમ, ત્રિવેણી ઠાંગા ડેમ ઓવરફ્લો થઈ ગયા છે. અહીં નીચાણવાળા વિસ્તારોમાંથી 90 જેટલા લોકોનું સ્થળાંતર કરાયું છે.

પશ્ચિમ કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે કે, માંડવી તાલુકાના ફરાદી રામાણિયા વચ્ચે કૉઝ-વે પરથી 2 લોકો સહિત જીપ તણાઈ ગઈ હતી. જોકે, જીપમાં સવાર 2માંથી એક વ્યક્તિનો જીવ બચી ગયો છે. જ્યારે એક ગુમ યુવકની શોધખોળ ચાલી રહી છે. જ્યારે માંડવી-કંડલા બંદર પર ત્રણ નંબરનું સિગ્નલ લગાવાયું છે.

મહીસાગરના અમારા પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે કે, લુણાવાડાના બામણવાડ ગામમાં વરસાદના કારણે કાચા મકાનની દિવાલ ધરાશાયી થતાં 2 લોકોના મોત નીપજ્યા છે.

મોરબીના અમારા પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે કે, મચ્છુ-2 ડેમના 17 દરવાજા 11 ફૂટ સુધી ખોલવામાં આવતા મચ્છુ નદી બે કાંઠે વહી રહી છે. તેના કારણે નીચાણવાળા ગામોને સાવચેત રહેવા સૂચના અપાઈ છે.

અમદાવાદ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણીએ જણાવ્યું કે, શહેરમાં વરસાદ ધીમો પડવાથી વરસાદી પાણી ઓસરી રહ્યું છે. એટલે જનજીવન પૂર્વવત્ બની રહ્યું છે.

## RAIN- TRAIN CANCELLED

રાજ્યમાં ભારે વરસાદના કારણે પશ્ચિમ રેલવેની ટ્રેનને પણ અસર થઈ છે. ગઈકાલથી આજ દિન સુધીમાં રેલવેએ ત્રીસ ટ્રેન રદ કરી છે. પશ્ચિમ રેલવે અમદાવાદના જનસંપર્ક અધિકારી જિતેન્દ્રકુમાર જયંતે આ અંગે માહિતી આપી.

**(બાઈટ- જિતેન્દ્રકુમાર જયંત)**